# તમારા બાળક સાથે તમારા ઘરની ભાષાઓમાં વાતચીત કરવી

કિન્ડરગાર્ટનમાં ભણતાં બાળકોનાં કુટુંબો માટેનું એક સંસાધન

નવી ભાષા શીખતા બાળકનાં માતા-પિતા તરીકે, તમારા ઘરમાં બોલાતી ભાષાઓને ટકાવી રાખવામાં તમારા બાળકને મદદ કરવામાં, તમે અગત્યની ભૂમિકા ભજવો છો. સંશોધન દર્શાવે છે કે બે અથવા વધુ ભાષાઓ બોલવાથી બાળકોની સુખાકારી, ભાષા અને સાક્ષરતાનો વિકાસ, ચિંતન અને વિવેકબુધ્ધિ, અને શીખવાની કુશળતાને લાભ થાય છે.



## બાળકો જે બહુવિધ ભાષાઓ બોલે છે તેઓ

### સુખાકારી

- ઓળખની મજબૂત સમજ વિકસાવે છે.
- પોતાની સંસ્કૃતિઓ અને સમુદાયો સાથે જોડાય છે.
- આત્મવિશ્વાસ  મેળવે છે અને સકારાત્મક આત્મ-સન્માન વિકસાવે છે.
- મજબૂત પારિવારિક સંબંધો વિકસાવે છે.

### ભાષા અને સાક્ષરતાની કુશળતાઓ

- સાક્ષરતાની કુશળતાઓ એક ભાષામાંથી બીજીમાં તબદીલ કરી શકે છે.
- જ્યારે તેઓ એક વધારાની ભાષા વાંચતાં અને લખતાં શીખે છે ત્યારે ઘરમાં બોલાતી ભાષાની વાંચવા અને લખવાની યુક્તિઓને તેમાં લાગૂ કરી શકે છે.

### ચિંતન અને વિવેકબુધ્ધિની કુશળતાઓ

- ચપળ રીતે વિચારી શકે છે.
- પોતાના વિચારો અને મંતવ્યો જટિલ ભાષાનો ઉપયોગ કરીને કુટુંબીજનો સાથે વહેંચી શકે છે.
- આયોજન કરવાની અને સમસ્યાઓના ઉકેલની કુશળતાઓ વિકસાવે છે.

### શીખવાની કુશળતાઓ

- તેમના શિક્ષણમાં જોખમો ઉઠાવે છે.
- સંબંધિત માહિતી પર અસરકારક રીતે ધ્યાન કેન્દ્રિત કરે છે.

# તમારા બાળક સાથે ઘરમાં બોલાતી ભાષાનો ઉપયોગ કરો

### મૌખિક ભાષાકીય વિકાસના ટેકા માટે:

- તમારા બાળક સાથે રમતી વખતે વાતચીત કરો અને તમે જે પ્રવૃત્તિઓ કરતા હો તેની ચર્ચા કરો.
- સાથે મળીને રોજીંદા કામો કરતી વખતે, પ્રથમ શું કર્યું હતું, તે પછી શું અને છેલ્લે શું કર્યું તે વિષે વાતચીત કરો.
- કોઈ રમત અથવા કોઈ પ્રવૃત્તિ કેવી રીતે કરવી એ પરિવારના સભ્યને સમજાવવા તમારા બાળકને પ્રોત્સાહિત કરો.

### સાક્ષરતાની કુશળતાઓના ટેકા માટે:

- દરરોજ તમારા બાળક સાથે વાંચો અને તે વાર્તા વિશે વાતચીત કરો, જેમ કે એ વાર્તા તને શાની યાદ અપાવે છે.
- તમારા બાળકને તમારા ઘરમાં બોલાતી ભાષા વાંચતા શીખવામાં મદદ કરો.
- તમે તમારી ઘરમાં બોલાતી ભાષાઓમાં વાંચતા હો એ જોવાની બાળકને તક પૂરી પાડો.

* સપોર્ટિંગ ઇંગ્લિશ લેંગ્વેજ લર્નર્સ ઇન કિન્ડરગાર્ટન, *2007*માંથી અનુકૂળ કરાયું છે.

## સ્કૂલમાં તમારા બાળકની ભાષાઓના વિકાસના ટેકામાં મદદ કરો

તમારા બાળકના કિન્ડરગાર્ટનના શિક્ષકો સાથે વાત કરો અને વારંવાર માહિતી સહિયારી કરો. તમે આ કરી શકો:

- તમારા બાળકની શક્તિઓ અને તેના રસ સહિયારા કરો.
- તમારું બાળક શાળા બહાર જેમાં સામેલ થયું હોય તેમાં શીખવા અંગે થયેલા અનુભવો કિન્ડરગાર્ટન ટીમ સાથે સહિયારા કરો.
- તમારા બાળકના અંગ્રેજી ભાષાના વિકાસને તેઓ કેવી રીતે ટેકો કરી રહ્યા છે તે પૂછો.
- તેમને પૂછો કે તેઓ કેવી રીતે તમારા બાળકની ઘર અને સમુદાયની ભાષાઓને વિકસિત કરી રહ્યા છે.
- એ પૂછો કે તમારા બાળકની મૌખિક ભાષાના વિકાસમાં રમત-ગમત કેવી રીતે ટેકો કરે છે.




ગ્રાફિક્સ ઓન્ટારિઓ મિનિસ્ટ્રી ઓફ એજ્યૂકેશન
Ontario Ministry of Education 2017માંથી અનુકૂળ કરાયા છે

## સંદર્ભો

www.yrdsb.ca